ફો.કે.નં–૩૩૧૬૨/૨૦૨૧

## આંક–૦૧ લગત હુકમ

(૧) હાલના કામે તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે, જે ચાર્જસીટ તથા તે લગતના તમામ પોલીસ પેપર વંચાણે લીધા. હાલની ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ઈ.પી.કો. કલમ–૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે થયેલ એફ.આઈ.આર.ને આધારે તપાસ કરી અત્રેની અદાલતમાં આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે સી.આર.પી.સી. કલમ–૧૭૩ મુજબ દાખલ કરેલ છે. ઉપરોક્ત કલમો મુજબની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી.

(૨) ઉપરોક્ત ગુનાના કામે કાયદાકીય સ્થીતીને ધ્યાને લેતા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫(૧) કોઈ પણ અદાલત (ક) સંબંધીત રાજ્ય સેવકની અથવા તે વહીવટી હેતુ માટે જેની સત્તા નીચે હોય તે બીજા કોઈ રાજ્ય સેવકની લેખીત ફરીયાદ સિવાય **૧.** ભારતીય ફોજદારી અધીનીયમની કલમ– ૧૭૨ થી ૧૮૮ હેઠળ અથવા **૨.** કોઈ ગુન્હાના દુષપ્રેરણ અથવા તે કરવાની કોશીશની અથવા **૩.** એવો ગુન્હો કરવા માટે કોઈ પણ ગુનાહીત કાવતરાની વિચારણા કરી શકશે નહી. જે સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા દૌલતરામ વિ. સ્ટેટ ઓફ પંજાબ ૧૯૬૨ એ.આઈ.આર. ૧૨૦૬ ના ચુકાદામાં કલમ ૧૯૫ ના વિશે ચર્ચા કરી સ્પષ્ટ કારણો આપવામાં આવેલ છે કે, ક્રી.પ્રો.કોડની કલમ ૧૯૫ મુજબ રાજ્ય સેવક દ્વારા લેખીતમાં ફરીયાદ અપાયેલી ના હોય તો તેવો હુકમ કોર્ટની હકુમત વગરનો અને તેના દ્વારા કરવામાં આવેલ સજા ટકવા પાત્ર નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કાનજભાઈ વિ. સ્ટટ ફોજદારી પરચુરણ અરજી નં. ૩૪૮/૧૯૯૫ ના ચુકાદા તા. ૧૬/૦૩/૨૦૧૦** ના ચુકાદામાં નામદાર જસ્ટીશ એચ.એન. દેવાણી સાહેબ દ્વારા ઠરાવવામા આવ્યુ છે કે, ઈ.પી.કો. કલમ ૧૭૨ થી ૧૮૮ સુધીના ગુન્હા વિરૂધ્ધમાં તમામ ગુન્હાની કાર્યવાહીઓ જો રાજ્ય સેવક દ્વારા કોર્ટ રૂબરૂ લેખીતમાં ફરીયાદ ના આપવામાં આવી હોય અને જો તેવા ગુન્હા ઉપર સંજ્ઞાન લેવામાં આવેલ હોય તો તે કાયદામાં આયોગ્ય છે. ફક્ત જે રાજ્ય સેવકના જાહેરનામાનો ભંગ થયો હોય તે વહીવટી હેતુ માટે તેમના તાબા હેઠળના રાજ્ય સેવેકે લેખીતમાં ફરીયાદ દાખલ કરેલી હોય તો જ કોર્ટ કાર્યવાહી કરી શકે અન્યથા આવી ચાર્જસીટ પર કોર્ટ વિચારણા કરી શકેશ નહી કે સંજ્ઞાન પણ લઈ શકશે નહી.

(૩) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **ગોર્વધનકુમાર ઠાકોરદાસ અસરાની વિ. સ્ટેટ ઓફ ગુજરાત** અને બીજાઓ ના સી.એ.વી. ચુકાદો તા. ૧૩/૦૪/૨૦૧૭ ના રોજ નામદાર જસ્ટીસ જે.બી. પારડીવાલા સાહેબે તેના ચુકાદામાં ક્રીમીનલ પ્રોસીજર કોડની ૧૯૫ નો બાધ નડતો હોવાને કારણે ચુકાદાના પેરા **૫૭** માં તમામે તમામ ક્રીમીનલ કેસની કાર્યવાહી રદ બાતલ કરેલી તેમજ તે સમયે ગુજરાત રાજ્યમાં સદર બાબત અંગેની જેટલી એફ.આઈ.આર. થયેલી તે તમામ પણ રદ બાતલ કરવામાં આવેલી

અને તે તમામ કેસોમા ફ્રેસ પ્રોસીડીંગ કાયદાથી પ્રસ્થાપીત કરવા માટે પરવાનગી આપવામાં આવેલી.

(૪) વધુમાં, ઉપરોક્ત પેરા ત્રણમાં ઉલ્લેખ કર્યા મુજબ અને સદર ચુકાદાને ધ્યાને રાખતા ઉપરોક્ત કલમો ઉપરાંત જી.પી.એક્ટની કલમ–૧૩૫ હેઠળના આક્ષેપો ધ્યાને લેવામાં આવે તો તે પણ મુળ જે કલમનો ગુનો હોય તેનાથી અલગ થતા નથી. આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ગોર્વધનકુમાર ઠાકોરદાસ અસરાની વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ ૨૦૧૮(૧)જી.એલ.એચ. ૬૩ ના ચુકાદાના પેરા નં. ૩૯ ધ્યાને લેવામાં આવે તો...

ccIt is true that section 195 of the code does not bar the trial of accused for a distinct offence disclosed by the same set of fact is not so stated thair it. section 195 also does not provide further that in the commission of offence, the other distrinct offences are commited the court concerned is debarred from taking cognizance in respect of those offences as well. however, if the perusal of first information report and other papers of chargesheet maks it clear is offence under section 186 or 188 of the ipc, as the case me be closaly inter connected with the other distrinct offences and can not be spilt up, than in such circumstances. the bar of section 195 of the crpc will apply to such other distinct offences also." આમ, આ ચુક્રાદાના સિંદ્ધાંતને ધ્યાને લેતા આ કામે આક્ષેપીત ગુના અન્ય ગુનાના આક્ષેપ પણ કલમ–૧૮૮ સાથે જોડાયેલા તેને અલગ તારી શકાય તેમ નથી જી.પી.એક્ટી કલમ–૧૩૫ ને પણ જે કારણોસર ઈ.પી.કો. કલમ ૧૮૮ ને નડતો હોય તે બાધ નડે છે.

(૫) આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ઈ.પી.કો. કલમ ૧૮૮ હેછળના ગુન્હાની પોસીલ દ્વારા એફ.આઈ.આર. નોધ્યા બાદ ચાર્જસીટ દાખલ કરવામાં આવેલ છે. જે ગુના ઉપર સંજ્ઞાન (Cognizence) લેવા માટે સદર કેસ આજ રોજ સુનાવણી માટે અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થીત થયેલ છે. ઉપરોક્ત ચર્ચા મુજબ આ ચાર્જસીટને પણ ઈ.પી.કો. કલમ–૧૮૮ હેઠળની હોય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ નો બાધ નડતો હોય જે ઈ.પી.ક.–૧૮૮ ની સાથે અન્ય ગુનાઓ મુજબના ગુનાઓ માટે પણ સંજ્ઞાન (Cognizence) લઈને આગળની કાર્યવાહી થઈ શકે તેમ ન હોય ઉપરોક્ત તમામ ચર્ચાને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) આ કામે આરોપી સામેના કેસની પ્રોસીડીંગ સી.આર.પી.સી. કલમ–૨૫૮ મુજબ સ્ટોપ પ્રોસીડીંગ કરી અટકાવવામા આવે છે અને આરોપીને બીન તહોમત છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.

(૨) ફરીયાદ પક્ષે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૬૮ મુજબની સમય મર્યાદાની જોગવાઈને આધીન કાયદાથી પ્રસ્થાપીત કરેલ પ્રક્રીયા અનુસરીને ફરીથી ફરીયાદ દાખલ કરવાની સ્વતંત્રતા અને સાધીનતા સાથે તથા સી.આર.પી.સી. કલમ–૩૦૦(૫) મુજબની સંમત્તી આપી આરોપી સામેની કાર્યવાહીને પડતી મુકી કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૨મી માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ મેજીસ્ટ્રેટ સ્પેસીયલ સીટીંગમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૨ (યોગેશકુમાર બાબુભાઈ ગામીત)
સ્થળ–રાજકોટ ૧૯માં એડી.ચીફ.જયુડી.મેજી.**–રાજકોટ**
**GJ01174**